# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL
REACHING NATIONS
SINCE 1969

1969 TO 2029

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 DECEMBER | NO: 10


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

યશાયા ૯ : ૨ થી ૬

૨. અંધકારમાં ચાલનારા લોકે મહાન પ્રકાશ જોયો છે; મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે;

૩. તેં પ્રજાની વૃદ્ધિ કરી છે, તેં તેમનો આનંદ વધાર્યો છે. કાપણીમાં થતા આનંદ પ્રમાણે, તેમ જ લોક લૂંટ વહેંચતાં હરખાય છે તે પ્રમાણે તેઓ તારી સંમુખ આનંદ કરે છે.

૪. કેમ કે મિદ્યાનને દિવસે થયું તે પ્રમાણે તેના ભારની ઝૂંસરીને, તેની ખાંધ પરની કાઠીને ને તેના પર જુલમ કરનારની લાકડીને તેં ભાંગી નાખી છે.

૫. સૈનિકોના ધબકારા કરતા જોડા, ને રક્તમાં બોળેલાં વસ્ત્ર, તે સર્વ બળતણની પેઠે અગ્નિમાં બાળી નાખવામાં આવશે.

૬. કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે.

# ખરું અજવાળું ઈસુ ખ્રિસ્ત તમારા અંધકારને દૂર કરશે!

THE TRUE LIGHT JESUS CHRIST WILL REMOVE YOUR DARKNESS!

– બહેન એન્જલ



**ઈકો ઓફ હીજ કોલના** આપણા સઘળાં વિસ્તૃત પરિવારને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં નાતાલની સલામ!

ઘણા લોકો ચર્ચા કરે છે કે આપણે નાતાલની ઉજવણી કરવી જોઈએ કે નહિ અને શું ઈસુ ખ્રિસ્તનો જન્મ ખરેખર ૨૫મી ડિસેમ્બરે થયો હતો કે નહિ. જો કે, તે આપણું લક્ષ ન હોવું જોઈએ. નિર્વિવાદ સત્ય એ છે કે તેમનો જન્મ થયો હતો – પ્રભુ આ દુનિયામાં બાળક તરીકે આવ્યા હતા, જેઓ આપણા ઉદ્ધાર માટે મૃત્યુ પામે એ નક્કી હતું. આવો આપણે આ મોસમનો ઉપયોગ જાહેર કરવાની તક તરીકે કરીએ કે ઈસુ ખ્રિસ્ત આ મોસમને માટે કારણ છે.

નાતાલ એ ખરીદી, સજાવટ, સાન્તાક્લોઝ અથવા તહેવારોની પરંપરાઓ વિશે નથી.

તે ઈસુ ખ્રિસ્તના જન્મના ખરા હેતુને જાહેર કરવા અને વહેંચવા વિશે છે.


**વિદેશીઓને પ્રકાશ આપવા સારુ પ્રકાશરૂપ** (સર્વ પ્રજાઓને)... – લૂક ૨:૩૨.

ઈસુ ખ્રિસ્તે પોતે જાહેર કર્યું હતું:

**"જ્યારે હું જગતમાં છું ત્યારે હું જગતનો પ્રકાશ છું..."**–યોહાન ૯:૫.

તેથી નાતાલ આ મહાન પ્રકાશની ઉજવણી છે.

(અનુસંધાન પાન ૩ પર)



**ઈકો ઓફ હીજ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે**

★ Please Subscribe and Share ★

ECHO OF HIS CALL REACHING NATIONS SINCE 1969

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## *from your dearly beloved brother...*





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

**HON. EDITOR-IN-CHIEF**

Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**EX MANAGING EDITOR**

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**

Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

**EDITOR, PUBLISHER & PRINTER**

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

**E.MAIL**

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

**YOUTUBE CHANNEL**

Echo of His Call

**"પણ સમય પૂરો થયો, ત્યારે દેવે સ્ત્રીથી જન્મેલો અને નિયમને આધીન જન્મેલો, એવો પોતાનો પુત્ર મોકલ્યો."** – ગલાતીઓને પત્ર ૪:૪



પ્રભુમાં પ્રિય વહાલા,

ઈશ્વરની કૃપાથી, આપણે આ વર્ષના છેલ્લા મહિનામાં પ્રવેશ કર્યો છે. પ્રભુ, જેમણે આપણા સેવાકાર્યમાં આપણને નિરંતર દોરી રાખ્યા છે, માર્ગદર્શન આપ્યું છે અને મજબૂત બનાવ્યા છે, તેઓ ભલા છે અને આપણી સર્વ સ્તુતિને પાત્ર છે.

આપણા ચર્ચના આગેવાનો, **ઈકો ઓફ હીઝ કોલ કર્મચારીઓ, નહેમ્યા બાઈબલ કોલેજોની ફેકલ્ટી, વિદ્યાવિભાગ, સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ અને છાપખાનાની ટીમ**



મુખ્ય ચર્ચમાં જુવાનોની મિનિસ્ટ્રીના આગેવાનો

આગામી વર્ષમાં આપણી મિનિસ્ટ્રીના વિસ્તરણ માટે પ્રાર્થનાપૂર્વક અને ખંતપૂર્વક આયોજન કરી રહ્યા છીએ.

**સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓ શારીરિક પડકારો અથવા અન્ય મુશ્કેલ સંજોગોનો સામનો કરે છે. તેમની પૃષ્ઠભૂમિઓ વિશે જાણવું ઘણીવાર હૃદયદ્રાવક હોય છે. તેમ છતાં, આપણા શિક્ષકો, ઊંડી કરુણા અને પ્રતિબદ્ધતા સાથે, ઘણા જ સમર્પણ સાથે તેમને શીખવવાનું, તેમનું પાલનપોષણ કરવાનું અને તેમની સંભાળ રાખવાનું ચાલુ રાખે છે.



*Speech by Sister Dr. Renuka on Children's Day at our St. Paul's Matriculation School*

આપણા ચર્ચના કાર્યકરો નિષ્ઠાપૂર્વક પ્રભુની સેવા કરી રહ્યા છે. ખાસ કરીને, આપણી મહિલાઓની પ્રાર્થના ટીમ, પુરુષોની પ્રાર્થના ટીમ, રાત્રિ પ્રાર્થના ટીમ, ઉપવાસ પ્રાર્થના ટીમ, સન્ડે સ્કૂલ ટીચર્સ ટીમ, યૂટ્યુબ મિનિસ્ટ્રી ટીમ અને વહીવટી સ્ટાફ આપણા રાષ્ટ્રની ધર્મ જાગૃતિ માટે અને આપણી



*ઉપવાસ સાથે પ્રાર્થના કરતી ટીમ*

મિનિસ્ટ્રીની સતત વૃદ્ધિ માટે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી રહ્યા છે. અમે તમને આ પ્રાર્થના મિનિસ્ટ્રીની સેવામાં અમારી સાથે જોડાવા માટે હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

આ મહિના દરમિયાન, અમે વણખેડાયેલા લોકો સુધી પહોંચવા અને તેમને દૈવી જીવનની પરિપૂર્ણતામાં લઈ જવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ પ્રયાસો માટે અમે તમારી આતુરતાપૂર્વકની પ્રાર્થનાની અભિલાષા રાખીએ છીએ.

અમે ૨૦૨૫ના વર્ષ દરમિયાન તમારી વિશ્વાસુ પ્રાર્થનાઓ, માસિક નાણાકીય સહાય અને ઉદાર વિશેષ દાનો માટે ખૂબ જ આભારી છીએ. મિનિસ્ટ્રીમાં તમારી ભાગીદારી એક મોટો આશીર્વાદ છે. અમે આવનાર દિવસોમાં તમારી સતત પ્રાર્થના માટે અને દ્રઢ સમર્થનને માટે તમને પ્રોત્સાહિત કરીએ છીએ. જ્યારે આપણે આ આનંદની મોસમની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે અમે તમ સર્વને **નાતાલ** તથા ૨૦૨૬ના આશીર્વાદિત **નવા વર્ષની શુભેચ્છા** પાઠવીએ છીએ!

આવો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમ સર્વની સાથે રહો.

ઈસુ ખ્રિસ્તમાં, તમારો સેવક,

પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ, E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

આવો આપણે જોઈએ કે બાઈબલ આ અજવાળા વિશે, પ્રકાશ વિશે શું કહે છે:

**"અને પૃથ્વી અસ્તવ્યસ્ત તથા ખાલી હતી; અને જળનિધિ પર અંધારું હતું; અને દેવનો આત્મા પાણી પર હાલતો થયો."** – ઉત્પત્તિ ૧:૨. શરૂઆતમાં પણ, અંધકારે પૃથ્વીને ઢાંકી દીધી હતી – તેમ છતાં ઈશ્વરનો આત્મા તેની ઉપર હાલતો હતો, સ્પર્શ કર્યા વગર અને અચળ.

**"તે અજવાળું અંધારામાં પ્રકાશે છે; પણ અંધારાએ તેને સ્વીકાર્યું નહિ."** – (યોહાન ૧:૫)

## અન્ય ભાષાંતરો તેને સુંદર રીતે વ્યક્ત કરે છે:

**અંધકાર તેને ક્યારેય હોલવી શકતું નથી.** (New Living Translation - NLT)


**અંધકાર તેને સમજી શક્યું નહિ.** (King's James Version - KJV)

**અંધકાર તેને સમજી શક્યું ન હતું કે તેના પર કાબૂ મેળવી શક્યું ન હતું.** (The Amplified Bible - AMP)

જ્યાં કહીં પ્રકાશ દેખાય છે ત્યાં અંધકાર દૂર થઈ જાય છે. ત્યાં બંને વચ્ચે કોઈ સંઘર્ષ નથી – પ્રકાશ હંમેશા જીતે છે.

## ૧. પાપ દ્વારા પ્રકાશ ચમકે છે!

પાપે માનવજાતને ઈશ્વરથી અલગ કરી દીધો હતો. સઘળા તેમના મહિમામાં અધૂરા



*અંધકાર જે પ્રકાશથી નાસી જાય છે, દૂર થઈ જાય છે*

છે. જે સર્જનનો ઉદ્દેશ હતો – ઈશ્વર અને માણસ વચ્ચેની સંગત – તે એદન વાડીમાં ભંગિત ગઈ હતી, જેનાથી ઈશ્વર તથા માનવતા વચ્ચે એક મોટી ખાઈ સર્જાઈ હતી.

પ્રાણીઓની બલિદાનની કોઈપણ રકમની ચુકવણી ખરેખર આપણા પાપનું પ્રાયશ્ચિત કરી શકે નહિ. માત્ર ઈશ્વરના દોષરહિત હલવાન, ઈસુ ખ્રિસ્તનું આગમન અને બલિદાન જ આપણને પિતા સાથે સમાધાન કરાવી શકે છે.

ઈસુ આ જગતમાં આપણને ઈશ્વરની સાથે ફરીથી એક કરવા માટે, જોડવા માટે આવ્યા હતા – પાપને કારણે તૂટેલા, ભંગિત સંબંધોને સુધારવા માટે. તેમના મૂલ્યવાન રક્ત દ્વારા, હવે આપણને ભય કે ખચકાટ વિના ઈશ્વરની હજૂરમાં આવવાનો લહાવો મળ્યો છે.

શેતાને જૂઠા વિચારો અને દુન્યવી વિક્ષેપો દ્વારા ઘણા લોકોના મનોને આંધળા કરી દીધા છે. આ આત્મિક અંધકારને પાર કરવા માટે, આપણને ઈશ્વરના પ્રકાશની જરૂર છે. ઘણી બાબતો કે જેને જગત સામાન્ય કહે છે તે ઈશ્વરના સત્યનો સીધો વિરોધ કરે છે.

આવો પ્રભુ આપણા હૃદયોમાં તેમનો પ્રકાશ પ્રગટાવો, આપણી અને તેમની વચ્ચે જે કંઈપણ છે તે ઉજાગર કરો

## ખાસ તાકીદની સૂચના!




ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીઝ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના **ઈકો ઓફ હીઝ કોલ** પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**



*આપણને ઈશ્વરના પ્રકાશની જરૂર છે*

– જેથી આપણે પુનઃસ્થાપિત થઈને સહભાગિતામાં, સંગતમાં ચાલી શકીએ.

## ૨. અજવાળું જે અંધકારમાં પ્રકાશે છે!

દરેક જગ્યાએ આપણે જોઈએ છીએ, આપણને અંધકાર દેખાય છે – યુદ્ધો, ગરીબી, ભ્રષ્ટાચાર, અપરાધ, દ્વેષ અને નૈતિક પતન. યુવાન લોકો નિરાશામાં છે; કેટલાક પોતાના જીવનોનો અંત પણ કરી લે છે. સમાજ પાપનો મહિમા કરે છે અને ન્યાયીપણાની મજાક ઉડાવે છે. એવું લાગે છે જાણે કે જગત દરરોજ અંધકારમય બની રહ્યું છે.

આપણે ઘણીવાર લોકોને કહેતા સાંભળીએ છીએ, ''અમારા સમયમાં, બાબતો અલગ હતી.'' શિક્ષણ, ટેકનોલોજી અને જિજ્ઞાસાએ ઘણા દ્વારો ઉઘાડ્યા છે – પણ તે બધા ઈશ્વર તરફથી નથી.

બાઈબલ આપણને આ છેલ્લા દિવસો વિશે ચેતવણી આપે છે:

**''પણ છેલ્લા સમયમાં સંકટના વખતો આવશે; એ વાત ધ્યાનમાં રાખ. કેમ કે માણસો સ્વાર્થી, દ્રવ્યલોભી, આપવડાઈ કરનારા, ગર્વિષ્ઠ, નિંદક, માબાપનું સન્માન નહિ રાખનારા, કૃતઘ્ની, અધર્મી, પ્રેમરહિત, ક્રૂર, બટ્ટા મૂકનારા, સંયમ ન કરનારા, નિર્દય, શુભદ્વેષી, વિશ્વાસઘાતી, ઉદ્ધત, મદાંધ, દેવ પર નહિ પણ વિલાસ પર પ્રીતિ રાખનારા; ભક્તિભાવનું ડોળ દેખાડીને તેના સામર્થ્યનો સ્વીકાર નહિ કરનારા થશે; આવા માણસોથી તું દૂર રહે (લોકોથી).''** – ૨ તિમોથીને પત્ર ૩:૧-૫.

આ નૈતિક પતનનું વર્ણન કર્યા પછી, પાઉલ ઉમેરે છે, ''આવા માણસોથી તું દૂર રહે.''

જ્યારે જગત અંધકારમય બની જાય, અંધકારમાં આગળ વધતું રહે છે, ત્યારે પણ તમારે ઈશ્વરના મહિમા માટે ચમકતા રહેવું જોઈએ!

**''જે લોક અંધારામાં બેઠેલા હતા, તેઓએ મોટું અજવાળું દીઠું, ને મરણસ્થાનમાં તથા મરણછાયામાં જેઓ બેઠેલા હતા, તેમના પર અજવાળું પ્રકાશ્યું.''** માથ્થી ૪:૧૬.

આ નાતાલની ઋતુમાં, હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર દરેક અંધકારમાંથી ચમકશે – માત્ર આ જગતમાં જ નહિ, પણ આપણા કુટુંબોમાં, આપણા અંગત જીવનોમાં અને



*જે લોક અંધારામાં બેઠેલા હતા, તેઓએ મોટું અજવાળું દીઠું*

આપણા કાર્યસ્થળોમાં પણ. આવો તેમને જાહેર કરવા દો કે તેઓ આપણા જગતનું અજવાળું છે – આપણા ઘરોમાં, આપણા બાળકોમાં, આપણા લગ્નો, આપણું શિક્ષણ, આપણું આરોગ્ય અને આપણી નાણાકીય બાબતોમાં.

આવો ડોક્ટરો, સંબંધીઓ, આગેવાનો કે સત્તાવાળાઓ દ્વારા – આપણી વિરુદ્ધ બોલવામાં આવતા દરેક નકારાત્મક શબ્દ ઈશ્વરના પ્રકાશથી તૂટી જાય!

જ્યારે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આવો આપણે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ અને સ્પષ્ટતા સાથે ચાલીએ.

**''હે યહોવા, તું મારો દીવો સળગાવશે; યહોવા મારો દેવ મારા અંધકારનો પ્રકાશ કરશે.''** – ગીતશાસ્ત્ર ૧૮:૨૮.

## ૩. અજવાળું ભયમાં પ્રકાશિત થાઓ!

જ્યારે ભરવાડોને, ઘેટાંપાળકોને ખ્રિસ્તના જન્મના શુભ સમાચારો જાહેર કરવામાં આવ્યા, ત્યારે તેઓ ગભરાઈ ગયા હતા:

**પ્રભુનો એક દૂત તેઓની પાસે આવીને ઊભો રહ્યો, ને પ્રભુના ગૌરવનો પ્રકાશ તેઓની આસપાસ દેખાયો; અને તેઓ ભયભીત થયા. પણ દૂતે તેઓને કહ્યું કે, ''બીહો મા; કેમ કે જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે.''** લૂક ૨:૯-૧૦.

સ્વર્ગનું અજવાળું રાત્રિના આકાશને વીંધતો હતો ત્યારે તેમના ભયની કલ્પના કરો!

જ્યારે ગાબ્રિયલ દૂતે દર્શન આપ્યું હતું ત્યારે મરિયમ પણ ગભરાઈ ગઈ હતી: મરિયમ ઘણી ગભરાઈ ગઈ. પણ દૂતે તેને કહ્યું કે, ''હે મરિયમ, બી મા...'' – લૂક ૧:૨૯-૩૦.



*હે મરિયમ, બી મા...*

ભય વાસ્તવિક છે – પણ જ્યારે ઈસુ ખ્રિસ્તનો પ્રકાશ ચમકે છે, ત્યારે ભય નાસી જવો જ જોઈએ.

આપણે ઈશ્વરની નજરમાં મૂલ્યવાન છીએ. આવો આપણે આપણા ડરને શાંત કરીએ અને મરિયમની જેમ પ્રતિસાદ આપીએ:

**''જો, હું પ્રભુની દાસી છું; તારા કહ્યા પ્રમાણે મને થાઓ.''** – (લૂક ૧:૩૮)

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1986

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનીને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ડિસેમ્બર ૧૯ :** આપણા અનુવાદકોને, સહ સંપાદકોને, સંયોજકોને અને તેમના પરિવારોને આશીર્વાદિત કરવા માટે.

**ડિસેમ્બર ૨૦ :** આપણા **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં, નહેમ્યા સાંધ્ય બાઈબલ કોલેજ, ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** માટે, જે બધા ઓછા નસીબવાનની જરૂરિયાતો પૂરી કરે છે.

**ડિસેમ્બર ૨૧ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબો પર તેમણે દર્શાવેલી દયાને માટે.

**ડિસેમ્બર ૨૨ :** અમારી બહુવિધ મિનિસ્ટ્રીઓ દ્વારા અમને વણખેડાયેલા આત્માઓ સુધી પહોંચવામાં મદદ કરવા માટે.

**ડિસેમ્બર ૨૩ :** અમારી મિનિસ્ટ્રીના કાર્યકરોના પરિવારો પરના તેમના પુષ્કળ આશીર્વાદોને માટે.

**ડિસેમ્બર ૨૪ :** અમારા કર્મચારીઓના કુટુંબો પર તેમણે વર્ષાવેલા આશીર્વાદોને માટે.

**ડિસેમ્બર ૨૫ :** આ વર્ષના અમારી નાતાલની ઉજવણીઓને આશીર્વાદિત કરવા માટે.

**ડિસેમ્બર ૨૬ :** ઈસુ ખ્રિસ્તનો જન્મ, જગતના તારણહાર, જેઓ આપણા સર્વનો ઉદ્ધાર કરવા માટે આવ્યા હતા.

**ડિસેમ્બર ૨૭ :** અમારા વડીલ પાળક અને તેમના કુટુંબ પરની દૈવી સુરક્ષાને માટે, તેમને દરેક દુષ્ટ પરીબળથી સલામત રાખવા માટે.

**ડિસેમ્બર ૨૮ :** અમારા મુખ્ય ચર્ચમાં અને તેની શાખાઓમાં ચાલતી સાબ્બાથ શાળાને વધુ બાળકોથી આશીર્વાદિત કરવા માટે.

**ડિસેમ્બર ૨૯ :** આ વર્ષ દરમિયાન ઈશ્વરના સેવકોને દૈવી સુરક્ષા સાથે આશીર્વાદિત કરવા માટે.

**ડિસેમ્બર ૩૦ :** આ વર્ષ દરમિયાન ખ્રિસ્તી સંસ્થાઓની સરળ અને ફળદાયી કામગીરીને માટે.

**ડિસેમ્બર ૩૧ :** ૨૦૨૫ના વર્ષ દરમિયાન અમારી સર્વ જરૂરીયાતોને ચમત્કારી રીતે પૂરી પાડવા માટે.

**જાન્યુઆરી ૦૧:** નવા વર્ષ ૨૦૨૬ દરમિયાન વિશ્વભરના તમામ વાચકો અને લોકો માટે શાંતિની શુભેચ્છાઓ.

**જાન્યુઆરી ૦૨:** અમારા મુખ્ય ચર્ચમાંના અને તેની શાખા ચર્ચોને વધુ વિશ્વાસીઓ સાથે ઈશ્વરે આશીર્વાદિત કર્યા તે માટે.

**જાન્યુઆરી ૦૩:** વર્ષ ૨૦૨૬ માટે સારા વચનો સાથે તમામ ચર્ચોને અને વિશ્વાસીઓને આશીર્વાદિત કરવા માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**જાન્યુઆરી ૦૪:** આપણા કન્નડ સહ સંપાદક રેવ. આર. રામાકૃષ્ણ અને તેમની પત્ની હાલની માંદગીમાંથી ઝડપથી સાજા થાય તે માટે.

**જાન્યુઆરી ૦૫:** વિશ્વના આગેવાનો દૈવી જ્ઞાનથી ભરપૂર થાય અને લોકોના કલ્યાણને માટે કામ કરે તે માટે.

**જાન્યુઆરી ૦૬:** આપણી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** માં અને **નહેમ્યા બાઈબલ કોલેજો** માં ભણતા વિદ્યાર્થીઓના દૈવી રક્ષણને માટે.

**જાન્યુઆરી ૦૭:** આપણી સંસ્થામાં લાયક કર્મચારીઓને માટે.

**જાન્યુઆરી ૦૮:** ખ્રિસ્તીઓ ઈશ્વરના વચનને અનુસરે અને ખ્રિસ્ત જેવા સ્વભાવનું પ્રદર્શન કરે તે માટે.

**જાન્યુઆરી ૦૯:** આ મહિનાની અમારી જરૂરિયાતો પૂરી પાડવાની ઈશ્વરની વ્યવસ્થાને માટે.

**જાન્યુઆરી ૧૦:** અમારી મિનિસ્ટ્રીના ભાગીદારો અને રાજ્ય સંયોજકોને તેમની પ્રવૃત્તિઓમાં સફળતા આપવા માટે.

**જાન્યુઆરી ૧૧:** અમારી મિનિસ્ટ્રીના વિસ્તરણ અને સુવાર્તાના વિશ્વવ્યાપી પ્રચારને માટે.

**જાન્યુઆરી ૧૨:** ૨૦૨૬ દરમિયાન વડીલ પાળક રેવ. એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને ઈશ્વરના પરાક્રમી હાથ નીચે ધરી રાખવા માટે.

**જાન્યુઆરી ૧૩:** દુષ્ટ પરિબળો સામે સર્વ ચર્ચોના દૈવી રક્ષણને માટે.

**જાન્યુઆરી ૧૪:** દેશો વચ્ચે શાંતિ રહે અને આર્થિક વિકાસ થાય તે માટે.

**જાન્યુઆરી ૧૫:** વિશ્વભરમાંની તમામ ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓની સારી પ્રતિષ્ઠા ટકી રહે તે માટે.

**જાન્યુઆરી ૧૬:** તમામ ચર્ચો અને ખ્રિસ્તી સંસ્થાઓ સરકારમાં કાયદેસર રીતે નોંધાયેલા હોય તે માટે.

**જાન્યુઆરી ૧૭:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબો પર તેમણે દર્શાવેલા આશીર્વાદોને માટે.

**જાન્યુઆરી ૧૮:** વર્ષ ૨૦૨૬માં વિશ્વભરમાં સારું સ્વાસ્થ્ય, શાંતિ અને સમૃદ્ધિ રહે તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

જ્યારે આપણે ઈશ્વરની સત્તાને આધીન થઈએ છીએ, ત્યારે તેમણે જે દરેક વચન આપ્યું છે તે પરિપૂર્ણ થશે.

બીશો નહિ – સૈન્યોના યહોવા પ્રભુ તમારી આગળ જાય છે. તેઓ તમારી લડાઈઓ લડશે.



*આપણે ઈશ્વરની સત્તાને આધીન થઈએ. દરેક વચન પરિપૂર્ણ થશે.*

ઈસુ ખ્રિસ્તને વળગી રહો- તે પર્યાપ્ત કરતાં વધુ છે. ઈસુને અજમાવી જુઓ!

## ૪. આપણને આપણું આગલું પગલું બતાવવા માટે અજવાળું પ્રકાશે છે!

આપણે ભવિષ્યથી બીવાની જરૂર નથી, કેમ કે પ્રભુ આપણને દોરનાર પ્રકાશ છે, અજવાળું છે.

**"મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે."** ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫.

ઈશ્વર એકસાથે, એક જ સમયે આખો માર્ગ જણાવતા નથી – પણ તેઓ હમેશાં આગળનું પગલું બતાવે છે. એક સમયે એક પગલું! જ્યારે જીવન પણ મૂંઝવણભર્યું લાગે છે, જ્યારે બધું અંધકારમય લાગે છે, અને આપણે આપણી જાતને પૂછીએ છીએ,



*ઈશ્વર એકસાથે, એક જ સમયે આખો માર્ગ જણાવતા નથી – પણ તેઓ હમેશાં આગળનું પગલું બતાવે છે.*

"શા માટે, પ્રભુ?" – ત્યારે દાઉદના શબ્દોને યાદ કરી રાખોઃ

**"કેમ કે તું મારો દીવો સળગાવશે; યહોવા મારો દેવ મારા અંધકારનો પ્રકાશ કરશે."** – ગીતશાસ્ત્ર ૧૮:૨૮.

જ્યારે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે, તમારા કુટુંબ, સેવાકાર્ય અને કારકિર્દી માટે ઈશ્વરનું માર્ગદર્શન શોધો.

તેમને પૂછો – કેમ કે તેઓ જ ભવિષ્ય જાણે છે.

### યશાયાના પુસ્તકમાં, ઈશ્વર પડકાર આપી રહ્યા છે!

**"મેં પુરાતન કાળના લોકોને સ્થાપન કર્યા, ત્યારથી મારા જેવો સંદેશો પ્રગટ કરનાર કોણ છે? જો કોઈ હોય તો તે આગળ આવે, પ્રગટ કરે, અને તેનું પ્રતિપાદન કરે; વળી જે થવાનું તથા વીતવાનું છે, તે તેઓ જાહેર કરે."** – યશાયા ૪૪:૭.

વહાલા મિત્રો, આપણે ૨૦૨૬માં પ્રવેશતા પહેલા, આવો આપણે ઈશ્વરને તેમના અજવાળાને પ્રકાશવા અને પ્રગટ કરવા માટે વિનંતી કરીએ અને આપણા જીવનો માટે, આપણા બાળકો માટે અને આપણા હેતુ માટે તેમની યોજનાઓ જાહેર કરવા વિનંતી કરીએ. તેઓ ચોક્કસ આગળ શું છે તે આપણને વિશ્વાસપણે બતાવશે.

## ૫. આપણું રક્ષણ કરવા અને બચાવ કરવા માટે અજવાળું પ્રકાશે છે!

**"હે મારા શત્રુ, મારી દુર્દશામાં હર્ષ ન કર; જો હું પડી જાઉં, તોપણ હું પાછો ઊઠીશ; જો હું અંધારામાં બેસું, તોપણ યહોવા મને ત્યાં અજવાળારૂપ થશે."** – મીખાહ ૭:૮.

કેવા સામર્થ્યવાન વચનની ખાતરી! જ્યારે આપણે શરમ, નિરાશા અથવા હતાશામાં બેસી રહ્યા હોઈએ, ત્યારે પણ આપણે ફરીથી ઉભા થઈશું, કેમ કે પ્રભુ પોતે જ આપણું અજવાળું છે, આપણો પ્રકાશ છે.

કદાચ ૨૦૨૫ તમારું શ્રેષ્ઠ વર્ષ રહ્યું નથી – પણ યાદ રાખો, ઈશ્વરની સહાયથી, તમે ફરીથી ઊભા થઈ શકો છો. તમે જે કંઈ ગુમાવ્યું છે તે ઈશ્વર પુનઃસ્થાપિત કરી શકે છે – જો તમે તેમને વિશ્વાસુ રહેશો તો.

જ્યારે ઈસ્રાએલીઓ લાલ સમુદ્રની સામે ઊભા હતા – બંને બાજુએ પર્વતો અને પાછળ ફારુનની સેનાની સામે – ત્યારે ઈશ્વરની હાજરી તેમને બચાવવા માટે આગળ આવી હતીઃ

**અને દેવનો જે દૂત ઈસ્રાએલના સૈન્યની આગળ ચાલતો હતો, તે ત્યાંથી ખસીને તેમની પાછળ ગયો; અને મેઘસ્તંભ તેઓની આગળથી ખસીને તેઓની પાછળ થંભ્યો; અને તે મિસરીઓના સૈન્ય તથા ઈસ્રાએલીઓના સૈન્યની વચ્ચે આવી રહ્યો; અને મેઘ તથા અંધકાર છતાં પણ રાત્રે તે અજવાળું આપતો; અને તે આખી રાત એક સૈન્ય બીજાની પાસે નહોતું આવતું.** – નિર્ગમન ૧૪:૧૯-૨૦.

(આગળ પાન ૯ પર...)

ECHO OF HIS CALL REACHING NATIONS SINCE 1969

નહેમ્યા બાઈબલ કોલેજો

લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે) હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવા: ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચો: સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ
૯. ક્રુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)

**૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૮. સહભાગીના ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
**૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**

૨૨. પ્રતિભાવ સમય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પૂરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરુવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પુષ્ઠો, હિન્દીમાં-૭૬ પુષ્ઠો અને તામિલમાં-૯૬ પુષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફિકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પુષ્ઠો અને તામિલમાં-૬૫૨ પુષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને આપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| **Account Name** | **: ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | **: 1023 2923 805** |
| **Bank Name** | **: STATE BANK OF INDIA** |
| **Branch** | **: TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | **: SBIN 0000249** |
| **SWIFT Code** | **: SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ભવ્ય, ગૌરવી ઈશ્વર!

**"માંદાંઓને સાજાં કરો, રક્તપિત્તીઓને શુદ્ધ કરો, મૂએલાંઓને ઉઠાડો, ભૂતોને કાઢોઃ તમે મફત પામ્યા, મફત આપો."**
**– (માથ્થી ૧૦:૮)**

મારા શરૂઆતના દિવસોથી, ઈશ્વર મારા મિનિસ્ટ્રીયલ જીવનમાં મહાન અજાયબીઓ અને ચમત્કારો કરી રહ્યા છે. મારી મર્યાદાઓથી આગળ, ઈશ્વરે તેમના પવિત્ર દૂતોને મારી તાત્કાલિક જરૂરિયાતોના સમયે મને મદદ કરવા મોકલ્યાં હતાં. ઘણા પ્રસંગોમાં, મેં ઈશ્વરના પરાક્રમની સાક્ષી જોઈ છે જે જ્યારે પણ મેં તેમને હાંક મારી છે ત્યારે મારા પર વરસ્યો હતો.

વર્ષ ૧૯૯૩ દરમિયાન કોઈએ મને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે, મદ્રાસ (ચેન્નઈ) શહેરથી લગભગ ૩૫ કિલોમીટર દૂર રહેતી શ્રીમતી રોઝ મેરી નામની એક મહિલા ઘણા વર્ષોથી દુષ્ટ આત્માના હુમલા અને કબજાને કારણે પીડાઈ રહી હતી. આ કારણે તે ખોરાક ખાઈ શકતી ન હતી અને ઊંઘી શકતી ન હતી. તેણીને તેણીના પરિવારના સભ્યોને ધમકી આપવાની આદત હતી કે તેણી તેમનો જીવ લઈ લેશે. તેણીએ ઘણી વખત આત્મહત્યા કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. તેણીને નિયંત્રિત કરવા માટે, તેણીના હાથ અને પગ બાંધી દેવામાં આવ્યા હતા અને તેણીને એક અલગ ઓરડામાં રાખવામાં આવી હતી.

જ્યારે તેણીના પરિવારના સભ્યો દ્વારા મને તેણીના છૂટકારા માટે પ્રાર્થના કરવા માટે બોલાવવામાં આવ્યો હતો, ત્યારે મેં થોડો સમય પ્રાર્થનામાં વિતાવ્યો, આત્મિક માર્ગદર્શન મેળવ્યું અને તે પરિવાર જ્યાં રહેતો હતો ત્યાં ગયો. મારા ઘરેથી નીકળ્યાના સમયથી પણ, હું શેતાન તરફથી થોડો વિરોધ અનુભવી શક્યો હતો. હું તે સ્થળ પર પહોંચું તે પહેલા મારા પર શેતાન દ્વારા શારીરિક અને માનસિક હુમલો કરવામાં આવ્યો હતો.

જ્યારે હું તે મહિલાના ઘરમાં પ્રવેશ્યો કે તેવો જ મેં તેણીના પરિવારના સભ્યોને તેણીને બાંધેલી અવસ્થામાંથી છૂટી કરવા અને તેણીને મુક્ત થવા દેવા કહ્યું. તેણી છૂટી પડતાંની સાથે જ અહીંતહીં દોડવા લાગી અને અભદ્ર ભાષા બોલવા લાગી અને તેણી મારાથી બચવા માંગતી હતી. જો કે હું પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં એક જુવાન વિશ્વાસી હતો, પ્રભુએ મને દુષ્ટતાના બંધનમાં બંધાયેલી તે વ્યક્તિનો સામનો કરવા માટે વિશેષ હિંમત અને સામર્થ્ય આપ્યા.



પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં મારો સંપૂર્ણ ભરોસો મૂકીને, મેં મારું મુખ ઉઘાડ્યું અને દુષ્ટ આત્માને તે મહિલામાંથી નીકળી જવાની આજ્ઞા આપી. તરત જ, મહિલાની ગતિવિધિઓ અનિયંત્રિત, બેકાબૂ બની ગઈ અને તેણીએ ઉપર-નીચે કૂદકા માર્યા અને છતનો મોભ પકડી લીધો અને તેણીના પગ વડે લોકો પર હુમલો કરવાનો પ્રયાસ કરવા લાગી હતી. કોઈ તેણીને નિયંત્રણમાં લાવવા સક્ષમ ન હતું. મારી આસપાસ ઉભેલા લોકો આઘાતથી મારા ચહેરા તરફ જોઈ રહ્યા હતા. પણ હું મારામાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું સામર્થ્ય અનુભવી શક્યો અને મને વિશ્વાસ હતો કે ઈશ્વર ચોક્કસપણે હસ્તક્ષેપ કરશે.

છેવટે, મેં ફરીથી મારું મુખ ઉઘાડ્યું અને શેતાનને આદેશ આપ્યો, "શેતાન, આ મહિલાને વધુ ત્રાસ આપવાનો તને કોઈ અધિકાર નથી. નાઝરેથના ઈસુ ખ્રિસ્તના નામે, હું તને આ મહિલામાંથી હમણાં જ નીકળી જવાની આજ્ઞા કરું છું. હું ઈસુ ખ્રિસ્તના નામે આદેશ આપું છું કે તારું મોં બંધ કર અને હમણાં જ નીચે આવ અને તરત જ આ મહિલામાંથી નીકળી જા."

તરત જ, તેણીએ બૂમો પાડવાનું બંધ કર્યું અને મૃત શરીરની જેમ જમીન પર પડી ગઈ. પછી મેં તેણીના માથા પર હાથ મૂક્યો અને પ્રભુને તેણીને તાજું અને નવું જીવન આપવા વિનંતી કરી.

તરત જ, તેણીને હોશ આવ્યા અને તેણી આશ્ચર્યથી સર્વને જોઈ રહી હતી. તે સમયથી તેણી સંપૂર્ણપણે શેતાનની ચુંગલમાંથી, પકડમાંથી મુક્ત થઈ ગઈ હતી અને સામાન્ય ખ્રિસ્તી જીવન જીવવા લાગી હતી.

વહાલા વાંચકો, તે જ ઈસુ ખ્રિસ્ત હજી પણ જીવંત છે અને તમારા અને મારા માટે ઉપલબ્ધ છે. તેઓ તમારા જીવનમાં કોઈપણ

ચમત્કાર કરી શકે છે. ફક્ત તેમને સ્વીકારો; તમારા પાપો કબૂલ કરો અને તેમને અનુસરો. પ્રભુ મને ચિહ્નો અને અજાયબીઓ દ્વારા તેમના વચનોની પુષ્ટિ કરતા વિશ્વના ઘણા ભાગોમાં દોરી લઈ ગયા છે. તેઓ તમને ઘણો જ પ્રેમ કરે છે. તેમને તમારી જરૂર છે. **મારા મિત્ર, ઈશ્વર તમને આશીર્વાદ આપો.**



(પાન ૬ પરથી આગળ...)



*મેઘસ્તંભે અંધકારને એક તરફ લાવી દીધું હતું અને અજવાળાને બીજી તરફ*

ઈશ્વર તેમના લોકો તથા તેમના શત્રુઓ વચ્ચે ઉભા હતા – અગ્નિસ્તંભ દ્વારા પ્રકાશ અને રક્ષણ બંને લાવ્યાં હતાં.

જ્યાં સુધી ઈશ્વરના લોકો સલામત ન હતા ત્યાં સુધી ઈશ્વર આખી રાત અજવાળા મારફતે ફારુનના સૈન્યથી તેમનું રક્ષણ અને બચાવ કરી રહ્યા હતા.

વહાલા ભાઈઓ તથા બહેનો, પ્રભુ તમારી આગળ ચાલે છે, તેઓ તમારા વાંકા-ચૂકા રસ્તાઓ સીધા કરી દેશે, જો તમારી પાછળ ચાલવું હોય તો તેઓ ચાલશે.

ત્યાં એક સુંદર યહૂદી વાર્તા છે જે આ સત્યને સમજાવેઃ

એક પિતા અને તેમનો જુવાન દીકરો એકલવાયા માર્ગે ચાલી રહ્યા હતા. જ્યારે એક ચોર આગળ દેખાયો, ત્યારે પિતાએ તેમના દીકરાને બચાવવા માટે, તેનું રક્ષણ કરવા માટે તેને પોતાની પાછળ ખેંચી લીધો. પાછળથી, જ્યારે એક જંગલી પ્રાણી પાછળથી નજીક આવ્યું, ત્યારે પિતાએ તેમના દીકરાને આગળ રાખ્યો હતો. જ્યારે બંને દિશાઓમાંથી જોખમ આવ્યું ત્યારે પિતા દીકરાને ખભા પર ઊંચકીને સલામત સ્થળે લઈ ગયા. એ જ રીતે, આપણા સ્વર્ગીય પિતા આપણું રક્ષણ કરે છે. તેઓ જાણે છે કે



*પિતાએ દીકરાને ખભા પર ઊંચકી લીધો હતો અને સલામત સ્થળે લઈ ગયા*

ક્યારે આપણી આગળ જવું, ક્યારે આપણી પાછળ ઊભા રહેવું અને ક્યારે આપણને ઉંચકીને લઈ જવા.

આવો ઈશ્વરને તમારી લડાઈઓ લડવા દો – તેઓ સૈન્યોના યહોવા પ્રભુ છે!

## નિષ્કર્ષ!

**અજવાળું પ્રકાશે છે જેથી આપણે પ્રકાશ બની શકીએ.**

ઈશ્વર આપણું અજવાળું છે – પણ તેઓ આપણને આ અંધકારમય દુનિયામાં પ્રકાશના વાહક બનવા માટે પણ તેડું આપે છે.

**"જેણે (તેમણે) અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે."** – ૧ પિતરનો પત્ર ૨:૯.

**"તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે."** – માથ્થી ૫:૧૬.

આપણા જીવનોએ ઈશ્વરની ભલાઈ અને સત્યને પ્રતિબિંબિત કરવા જોઈએ. આવો તમારા કાર્યો તમારા શબ્દો કરતાં મોટેથી બોલવા દો. આવો અન્ય લોકો તમારી દયા, કાર્યો અને પ્રામાણિકતા મારફતે ખ્રિસ્તને જોઈ શકે.

મારા વહાલા મિત્રો, તમે કદાચ જાણતા ન હોવ કે ૨૦૨૬ શું ધરાવે છે – પણ તમે તેમના પર ભરોસો કરી શકો છો જે તેને જાણે છે.

બીહો મા. આવો તમારા જીવનના દરેક ભાગમાં ઈશ્વરનું અજવાળું પ્રકાશવા દો.


આવતી કાલને સારુ ચિંતા ન કરો!

**"..આવતી કાલ પોતાની વાતોની ચિંતા કરશે"** માથ્થી ૬:૩૪.

આજે તમારો બોજો ગમે તેટલો ભારે હોય, યાદ રાખોઃ ઈસુ, જગતનું અજવાળું, દરેક ભય અને અનિશ્ચિતતામાં પ્રકાશી શકે છે.

તેમનું અજવાળું, પ્રકાશ તમારા અંધકાર કરતાં વધુ સામર્થ્યવાન છે, તેમની શાંતિ તમારી મુશ્કેલીઓ કરતાં વધુ છે, અને તેમની શક્તિ કોઈપણ વિરોધ કરતાં વધુ છે.

**"કેમ કે જીવનનો ઝરો તારી પાસે છે; તારા અજવાળામાં અમે અજવાળું જોઈશું."** ગીતશાસ્ત્ર ૩૬:૯.



*તેઓ આપણને આ અંધકારમય દુનિયામાં પ્રકાશના વાહક બનવા માટે પણ તેડું આપે છે.*

### નોટિસ

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો

(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્કાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ જુઓ અને તેને સબસ્કાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

| | |
|---|---|
| Branch | : Triplicane, Chennai-5 |
| Name | : S. Sam Selva Raj |
| A/C No. | : 1023 2934 679 |
| IFSC | : SBIN 00 00 249 |
| SWIFT CODE | : SBI NIN BB 455 |

### 2. Bank : ICICI Bank

| | |
|---|---|
| Branch | : Anna Salai, Chennai-6 |
| Name | : Echo of His Call |
| A/C No. | : 6038 0502 2319 |
| IFSC | : ICIC 000 6038 |

### 3. Bank : State Bank of India

**(This Account is for Tax Exemption for Indians only )**

| | |
|---|---|
| Branch | : Triplicane, Chennai-5 |
| Name | : Echo of His Call Educational Trust |
| A/C No. | : 1023 2923 805 |
| IFSC | : SBIN 00 00 249 |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ-૧૦૦/-    આજીવન લવાજમ રૂ-૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th DECEMBER 2025
If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**